eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 388
March 20, 2015

## પ્રેસનોટ :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ મંજુર ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં. ૩૯(ઉધના–લિંબાયત)માં આવેલ ફા.પ્લોટ નં. ૦૯ ખાતે મહાપ્રભુનગર સોસાયટીમાં બ્લોક નં. ૧૭,પ્લોટ નં. ૩, ૪,૫ માં મિલ્કતદારશ્રી પંકજભાઈ દ્વારા સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવ્યા . . .

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ નોર્થઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૩/૨૦૧૫ થી ૧૫/૦૩/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત . . .

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ સાઉથઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા

તા.૧૬.૦૩.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૬૭ ફાઈલના રૂા.૨૫.૭૫ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૪ લોકેશન(ખાડા) ૧૮૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૨૮૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ. . .

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ  ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧૦, તસવાલા સ્ટ્રીટ, ગાંધીચોક, સુરત નોંધ નં.૨૬૭, ૨૬૮/અ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૧૪/૧૦/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ ધ્વારા . . .

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા  જાહેર આરોગ્ય વિભાગ સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, . . .

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની . . .

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસ નોટ સુરત શહેર સ્થિત ઐતિહાસિક કિલ્લાનું રીસ્ટોરેશન

સુરત શહેરમાં Conservation and development of historical building and precincts of Surat City ના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના ચોકબજાર સ્થિત ઐતિહાસિક કિલ્લો અને તેને સંલગ્ન એન્ડ્રુઝ લાયબ્રેરી, સર.જે.જે. ટ્રેનિંગ સ્કુલ, શનિવારી બજાર, ગાંધીબાગ, કસ્તુરબા ગાર્ડન વિ. આજુબાજુના વિસ્તારને. . .

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ સાઉથઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા

તા.૧૭.૦૩.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૨૪ ફાઈલના રૂા.૩૭.૪૧ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૫ લોકેશન(ખાડા) ૨૩૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૨૬૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ. . .

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ નોર્થઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૬/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત  નીચે  મુજબ  છે.
આરોગ્ય વિભાગ દ્વારા ૧૬૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૬૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ. . .

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ સેન્ટ્રલ ઝોન સુરત મહાનગરપાલિકા

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા.૧૭/૦૩/૧૫ મંગળવાર ના રોજ (૧) સ્વર્ણિમ સર્કલ થી દિલ્હીગેટ ચારરસ્તા સુધી બન્ને બાજુ (૨) સહારા દરવાજા થી સ્વર્ણિમ સર્કલ સુધી બન્ને બાજુ (૩) ઉનાપાણી રોડ, સુફીબાગ, રેશમભવન રોડ, . . .

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા)ઝોનમાં પુણા વિસ્તારમાં ડીમોલીશન અંગેની કામગીરી.

ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૮(પુણા–સીમાડા)ના બ્લોક નં. ૩૦૪ તથા ૩૦૬, ફા.પ્લોટ નં. ૧૦૫/બી/૨ તથા ૧૦૭ માં આવેલ યોગીનગર સોસાયટી વિ–'બી' ના ગાળા નં. ૪ તથા ૫ માં ત્રીજા માળનું ગેરકાયદેસર બાંધકામ સુરત મહાનગરપાલિકાની પરવાગી વગરનું આશરે ૯૧૮.૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું આર.સી.સી. કોલમ તથા . . .

વધુ માટે કલીક કરો >>>>>>

## અખબારી યાદી લિંબાયત વિસ્તારમાં કારખાનાની ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા દંડકીય પગલા

સુરતઃ– "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત માન.કમિશ્નર સાહેબશ્રીની સુચના મુજબ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલો માંથી નીકળતો ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ, કાગળ, પ્લાસ્ટીક, પુંઠા, ઈન્ડસ્ટ્રીયલ હેઝાડર્સ અને નોન હેઝાડર્સ કચરાનો નિકાલ તેમના દ્વારા ખાનગી વાહનો રોકી સુરત . . .

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ /સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં નીચે જણાવેલ મંજૂર પ્લાન વિરૂધ્ધના ગેર કાયદેસર બાંધકામો અત્રેથી તોડી દૂર . . .

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર હોસ્પીટલ–કોલેજ પ્રેસનોટ

સ્મીમેર હોસ્પીટલમાં તા.૧૩/૦૩/૨૦૧૫ થી તા.૧૯/૦૩/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની આંકડાકીય માહિતી. . . .

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ બ્રીજ સેલ



સુરત શહેરમાં રીંગરોડ ઉપર દિલ્હીગેટ જંકશન થી લાલ દરવાજા જંકશન પર ફલાય ઓવર બ્રીજ પૈકી રીંગરોડ પરના સ્વર્ણિમ સર્કલથી અમિષા હોટલ જંકશન સુધીના ડાઉન રેમ્પની લોકાર્પણ વિધિ તા.૨૨/૦૩/૨૦૧૫ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સ્થળઃ સવર્ણિમ સર્કલ,રીંગરોડ,લોર્ડ પ્લાઝા હોટલની સામે,લિનીયર બસ સ્ટેન્ડ,સુરત . . .

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ મંજુર ડ્રાફટ ટી.પી.સ્કીમ નં. ૩૯(ઉધના–લિંબાયત)માં આવેલ ફા.પ્લોટ નં. ૦૯ ખાતે મહાપ્રભુનગર સોસાયટીમાં બ્લોક નં. ૧૭,પ્લોટ નં. ૩, ૪,૫ માં મિલ્કતદારશ્રી પંકજભાઈ દ્વારા સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવ્યા વિના આશરે ૩૨'×૫૦' માપવિસ્તારમાં ત્રીજામાળનું બિનરહેણાંક બાંધકામ તાણી બાંધવામાં આવેલ.સદરહુ બાંધકામ સબંધે ઝોન કચેરીના લાગત સ્ટાફ દ્વારા અવારનવાર બાંધકામ અટકાવવામાં આવેલ પરંતુ મિલ્કતદાર દ્વારા મિલ્કતનું બાંધકામ ચાલુ જ રાખવામાં આવેલ. જેને પરીણામે આજ તા. ૧૬/૦૩/૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકાના શહેર વિકાસ / દબાણ વિભાગની ટીમ ત્રણઆસી.ઈજનેર, એક ડેપ્યુટી ઈજનેર દબાણ ખાતાના ૧૫ બેલદારો અને ખાનગી એજન્સીના માણસોના કાફલા સાથે ૨(બે) બ્રેકર મશીનની સહાયથી બિનઅધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ છે. જેમાં અંદાજે ૧૬૦૦ ચો.ફુટ સ્લેબ,તથા ચણતરકામનું બાંધકામ દુર કરવામાં આવેલ. સદર ડીમોલીશન કામગીરી પેટે મિલ્કતદાર પાસેથી રૂા. ૨,૦૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ નોર્થઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૩/૨૦૧૫ થી ૧૫/૦૩/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૮૦૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૧૯૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૨૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૦૭૮૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૩૬૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી., લાલ દરવાજા, પટેલવાડી, ડભોલી, સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ., કતારગામ, ગામતળ, ડભોલી સિંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર, લક્ષ્મી કાંત આશ્રમ રોડ, ગજેરા રોડની સોસાયટી, અમરોલી, છાપરાભાઠા, કોસાડ, ઈ.ડબલ્યુ.એસ. આવાસ વિગેરે વિસ્તારમાંથી કુલ ૧૦૭૫ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૪૯,૦૨,૦૨૮/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે તથા ૮૩ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૧,૮૪,૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૯ મિલ્કતોને જી.આઈ.ડી.સી. કતારગામ ખાતે સીલ મારવામાં આવેલ છે. જેની સ્થળ ઉપર રૂા.૪,૦૦,૩૭૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૪ મિલ્કતોને નીતા એસ્ટેટ, વસ્તાદેવડી રોડ, કતારગામ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૯૩,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને ૦૯ મિલ્કત કુબેરનગર, વેડ દરવાજા ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર ૨,૪૩,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૨૬ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૫૧ એન્ટ્રીમાં રૂા.૧,૦૬,૪૯૪/– અને આર.સી.ની. ૭૫ એન્ટ્રીમાં રૂા.૨૬,૧૯,૨૩૨/– મળી કુલ રૂા.૨૭,૨૫,૭૨૬/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૬૦/–, રીન્યુઅલની ૧૪ એન્ટ્રીમાં રૂા.૭૬૦/– અને દંડની રકમની ૦૨ એન્ટ્રીમાં રૂા.૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૦ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૮ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧,૪૨,૫૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ફાયનલ ટી.પી. (વ્યાજ સહિત)ના રૂા.૬,૩૮૨/– ની વસુલાત કરવામાં આવેલ.

ઈમ્પેકટ ફી પેટે ૧૩૧ ફાઈલોના રૂા.૨૩,૧૭,૩૮૯/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૧૮,૯૫૬/–, મંડપ ચાર્જના રૂા.૨,૬૧૩/–, દબાણ ચાર્જના રૂા.૧૧,૨૯૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧૭૦૦/– મળી કુલ રૂા.૧,૩૪,૫૫૯/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા ૦૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ સાઉથઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા

**તા.૧૬.૦૩.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૬૭** ફાઈલના **રૂ.૨૫.૭૫ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૦૪** લોકેશન(ખાડા) **૧૮૦.૦૦ ર.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ–૦૯** લોકેશન **૨૮૦૦.૦૦ ચો.મી.** સ્કેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., **તથા** આઈ.સી.નાં નાંણા પેટે **રૂ.૭૯૮૫/–**વસુલ લેવામાં આવેલ, તથા ટી.પી.૨(ઉધના)ફા. પ્લોટ નં. ૩ પાસે આવેલ ૬૦.૦ મી. રોડમાં આવતા ઝુપાડાનું ૪૫૦ ચો.ફુટ દબાણ દૂર કરવામાં આવેલ તથા ટી.પી.૫૯(ઉન)અનુકુળનગર બી.આર.ટી.એસ.રૂટના નડતરરૂપ ઓટલા ૩૦.૦ ચો.મી. માપ વિસ્તારમાં દૂર કરવામાં આવેલતથા ટી.પી.૧ માં આવેલ જય ભીમશકિતનગર ઝુપડપટ્ટીના ૧૬ ઝુપાડાનું દબાણ દૂર કરવામાં આવેલ. **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૭૧** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૯૦૭** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂ.૬૬.૪૬** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂ.૧૬.૬૨** લાખ થયેલ છે.,**૧૫** ભહ તથા **૧૪** ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂ.૧૬૧૦/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂ.૧૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૩૭** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૦** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા:**૩૬૭** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા:**૯૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૪૯.૫૩** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા:**૩૭** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂ.૫૧૦૦/–**છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૧૦૯૩૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલ:**૨૩૪૩૨** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૩૨** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશન:**૭૨૦** કરવામાં આવેલ છે. જયારે **૨૩** નોટીસ આપવામાં આવેલ છે.

**TOP**

## પ્રેસનોટ ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧૦, તસવાલા સ્ટ્રીટ, ગાંધીચોક, સુરત નોંધ નં.૨૬૭, ૨૬૮/અ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૧૪/૧૦/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ભોંયતળીયાના ભાગે માર્જીનની જગ્યામાં તથા વધારાના ભાગમાં આર.સી.સી. બીમ, કોલમ તથા સ્લેબ સહિતનું બાંધકામ કરતાં અત્રેથી તા.૨૫/૦૨/૧૫ થી ધી બી.પી.એમ.સી. એકટની કલમ મુજબ કાયદેસરની નોટીસો મિલ્કતદારને પાઠવવામાં આવેલ તેમ છતાં આજદિન સુધી મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધનું બાંધકામ સ્થળ પર થી દૂર કરવામાં ન આવતાં અત્રેથી આશરે ૨૩૫ ચો.ફુટ માપ વિસ્તારમાં ભોંય તળીયાના ભાગે માર્જીન તથા વધારાનાં ભાગમાં કરવામાં આવેલ આર.સી.સી. બીમ, કોલમ તથા સ્લબે સહિતનું પરવાનગી વિનાનું બાંધકામ અત્રેથી તા.૧૬/૦૩/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે મે.કમિશનરશ્રીના આદેશ અનુસાર તા.૧૩/૦૩/૨૦૧૫ થી તા.૧૫/૦૩/૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન ખાસ ઝુંબેશ સ્વરૂપે ફુડ વિભાગ અને ઝોનના આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સ્ટાફ મારફતે વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી સંદર્ભે હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થના ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૭૨૯ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ ૨૩૬ નોટીસ પાઠવી, સાઉથ વેસ્ટમાં ૦૪ સંસ્થા / લારી બંધ કરાવી, કુલ રૂા.૧,૩૫,૨૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ ૧૨૨.૧૦૦ કિ.ગ્રા. અખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવ્યો, જયારે ૦૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો.

TOP

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૦૯/૦૩/૨૦૧૫ થી તા.૧૫/૦૩/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૧૬,૫૧૦/–, વેસ્ટઝોન – રૂા.૪,૧૫૦/–, સાઉથઝોન – રૂા.૫,૮૩૦/–, સાઉથ–ઈસ્ટઝોન – રૂા.૯,૦૦૦/–, સાઉથ–વેસ્ટઝોન – રૂા.૬,૫૫૦/–, નોર્થઝોન – રૂા.૧,૭૫૦/– અને ઈસ્ટઝોન – રૂા.૪૦,૨૦૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ **રૂા.૮૩,૯૯૦/–** પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

TOP

## પ્રેસ નોટ સુરત શહેર સ્થિત ઐતિહાસિક કિલ્લાનું રીસ્ટોરેશન

સુરત શહેરમાં Conservation and development of historical building and precincts of Surat City ના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના ચોકબજાર સ્થિત ઐતિહાસિક કિલ્લો અને તેને સંલગ્ન એન્ડ્રુઝ લાયબ્રેરી, સર.જે.જે. ટ્રેનિંગ સ્કુલ, શનિવારી બજાર, ગાંધીબાગ, કસ્તુરબા ગાર્ડન વિ. આજુબાજુના વિસ્તારને 'હેરીટેજ સ્કવેર' તરીકે વિકસાવવાનું આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેરનો ઐતિહાસિક વારસો જળવાઈ રહે તે હેતુસર કિલ્લાના મુળ બાંધકામને અનુરૂપ મુળ સ્થિતિમાં લાવવા તથા આજુબાજુમાં આવેલ ઐતિહાસિક ઈમારતો જેવી કે, એન્ડ્રુઝ લાયબ્રેરી, સર.જે.જે. ટ્રેનિંગ સ્કુલ, શનિવારી બજાર, ગાંધીબાગ, નદી કિનારાના ઓવારા તથા નદી કિનારાના ડેવલપમેન્ટને ધ્યાને લઈ અત્રેથી નીમવામાં આવેલ કન્ઝર્વેશન આર્કિટેકટ ધ્વારા કંપોઝીટ આયોજન તૈયાર કરવામાં આવેલ છે. જેમાં કિલ્લાનું સાયન્ટીફીક કલીનીંગ કર્યા બાદ મૂળ બાંધકામને અનુરૂપ રિસ્ટોરેશન કરી કન્ઝર્વેશનના ભાગરૂપે માવજત કરી સદર કિલ્લાને પર્યટન સ્થળ તરીકે વિકસાવી સુરત શહેરના રહીશો તેમજ બહારથી આવનાર સહેલગાહીઓને પ્રવાસનું સ્થળ મળી રહે તે મુજબનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. સદર કામના કન્સલ્ટન્ટ ધ્વારા કિલ્લાનું ડીટેઈલ ડોકયુમેન્ટેશન કરી સ્થળ નિરીક્ષણ મુજબ કિલ્લાને રીસ્ટોર કરવાના કામ માટે મુંબઈ સ્થિત કોન્ટ્રાકટર સવાણી કન્સ્ટ્રકશન કું. પ્રા. લિ. ને કુલ રૂા. ૧૮,૭૫,૭૨,૧૪૫.૦૦ નું ભાગ–૧ નું કામ સોંપવામાં આવેલ છે તથા સદર કામની ખાતમુર્હુત વિધિ તા. ૦૬–૦૨–૨૦૧૫ ના રોજ મા. મેયર શ્રીના વરદ હસ્તે સંપન્ન કરવામાં આવેલ. સદર ઈજારદાર ધ્વારા સ્થળ ઉપર કિલ્લાના જુના બાંધકામ સિવાય અન્ય વધારાના ભાગોનું બાંધકામ તથા સિમેન્ટ પ્લાસ્ટર તથા જર્જરિત થયેલ પ્લાસ્ટર, વુડન માળ, ફલોરીંગ, છજજા વિગેરે ઉતારવાનું કામ ઝડપભેર હાથ ધરવામાં આવેલ છે. જેના પહેલા તબકકામાં કિલ્લાના આગળના ભાગે આવેલ મુખ્ય બિલ્ડીંગના ભાગે કુલ ત્રણ માળ એટલે કે ભોંયતળિયું તથા બીજા બે માળ મળી કુલ ક્ષેત્રફળ આશરે ૭૦૦.૦૦ ચો.મી. તથા ઈશાન ખૂણામાં આવેલ આગળના ભાગે પહેલા માળનું સ્ટ્રકચર કુલ એરિયા ૧૫૦.૦૦ ચો.મી. ખુલ્લું કરવામાં આવેલ છે. વધુમાં, સદર ભાગનો એટલે કે કિલ્લામાં આગળના ભાગે ઉપર જણાવ્યા મુજબના મુખ્ય બિલ્ડીંગ તથા બે ખૂણામાં આવેલ ગોળાઈ વાળો ભાગ 'બુર્ઝ' નું પહેલા તબકકામાં એટલે કે આશરે ૦૬ (છ) મહિનામાં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. જેમાં તેઓને સોંપેલ કામ પૈકી આશરે ૨૫ થી ૩૫ % વિસ્તારને આવરી લઈ આયોજન કરેલ છે. જે કામ પૂર્ણ થયે તેને સંલગ્ન ગેલેરીઓ માટેની કાર્યવાહી પણ સમાંતરે હાથ ધરી પૂર્ણ કરી શકાય. કિલ્લામાં વિવિધ ગેલેરીઓ પૈકી ઉકત વિસ્તારના ભાગમાં સુરતનો ઈતિહાસ, ફેમસ પર્સનાલીટી ઓફ સુરત, ડચ, બ્રીટીશ અને મુગલના લાઈવ સેટ વિગેરે ગેલેરીઓ તથા સ્થાનિક કલાકારો માટેની આર્ટગેલેરી ખુલ્લી મુકી તેનો નાગરિકો લાભ લઈ શકે તેવું આયોજન છે. વધુમાં, ઉપર મુજબની ગેલેરી સહિત વિવિધ પ્રોગ્રામ જેવા કે લાઈટ એન્ડ સાઉન્ડ શો, ગાઈડેડ ટૂર (સ્પેશીયલ ટૂર) , ફોટો ઓર્પોચ્યુનીટી વિ. ના આયોજનની પણ તૈયારી હાથ ધરવામાં આવેલ છે.

TOP

# પ્રેસનોટ સાઉથઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા

**તા.૧૭.૦૩.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૨૪ ફાઈલના **રૂા.૩૭.૪૧ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૦૫** લોકેશન(ખાડા) **૨૩૦.૦૦ ચ.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ–૦૮** લોકેશન **૨૬૫૦.૦૦ ચો.મી.** સ્કેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., **તથા** આઈ.સી.નાં નાંણા પેટે **રૂા.૨૭૮૮૨/–**વસુલ લેવામાં આવેલ,પાણીના નવા કનેકશન કુલ : **૧૬૫** આપવામાં આવેલ તથા ટી.પી.૨(ઉધના)ફા. પ્લોટ નં.૩૧ માં રોડનં નડતરરૂપ ૧.૦ મી. પહોળાઈના ઓટલાનું ૫૦ ચ.મી. દબાણ દૂર કરવામાં આવેલ તથા ઉધના ત્રણ રસ્તા પાસે બી.આર.ટી.એસ.રૂટના નડતરરૂપ રેસીડેન્સીયલ બાંધકામ ૨૦.૦ ચો.મી. માપ વિસ્તારમાં દૂર કરવામાં આવેલ. **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૧૧૭** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૧૪૩** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૪૭.૩૨** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૬.૫૦** લાખ થયેલ છે.,**૦૯** ભહ તથા **૦૭** ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩૦૩૪૪/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૫૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૬૦** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૬** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા:**૩૮૧** છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યા:**૧૦૫** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ **:૧૭૪.૯૭** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા:**૨૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ: **રૂા.૩૮૦૦/–**છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ **:૧૦૫૫૭** ઘર સર્વે કરવામાં આવેલ., કુલ:**૨૫૪૫૭** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યા: **૬૮** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશન:**૭૮૬** કરવામાં આવેલ છે. જયારે **૩૩** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ નોર્થઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૬/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૧૬૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૬૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૮,૬૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૯૯૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૫૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી., સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ., ડભોલી સિંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર, લક્ષ્મી કાંત આશ્રમ રોડ, ગજેરા રોડની સોસાયટી, ઈ.ડબલ્યુ.એસ. આવાસ વિગેરે વિસ્તારમાંથી કુલ ૫૮૬ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૩,૩૧,૨૨૨/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે તથા ૨૯ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૭૯,૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૧ મિલ્કતોને જી.આઈ.ડી.સી. કતારગામ ખાતે સીલ મારવામાં આવેલ છે. જેની સ્થળ ઉપર રૂા.૬૯,૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૨ મિલ્કતોને વસ્તાદેવડી રોડ, કતારગામ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૧,૪૦,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને ૪૩ મિલ્કત કુબેરનગર, વેડ દરવાજા ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર ૧,૪૨,૪૨૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. આમ, કુલ ૭૫ મિલ્કતોને સીલ મારતા સ્થળ ઉપર કુલ રૂા.૪,૩૧,૯૨૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૨૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૬૬ એન્ટ્રીમાં રૂા.૧,૪૬,૪૮૦/– અને આર.સી.ની. ૬૨ એન્ટ્રીમાં રૂા.૪,૩૫,૭૫૨/– મળી કુલ રૂા.૫,૮૨,૨૩૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૪ એન્ટ્રીમાં રૂા.૮૦/–, રીન્યુઅલની ૨૨ એન્ટ્રીમાં રૂા.૧,૨૨૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૧૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૨ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૨૯૫/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૧૯૬ ફાઈલોના રૂા.૪૪,૦૨,૨૬૩/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૮૮,૧૪૪/–, મિલ્કત ભાડાના રૂા.૧૮,૬૯૭/–, મંડપ ચાર્જના રૂા.૫૧૮/–, દબાણ ચાર્જના રૂા.૧૩,૦૦૦/– મળી કુલ રૂા.૨,૨૦,૩૫૯/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા ૨૨ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ સેન્ટ્રલ ઝોન સુરત મહાનગરપાલિકા

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા.૧૭/૦૩/૧૫ મંગળવાર ના રોજ (૧) સ્વર્ણિમ સર્કલ થી દિલ્હીગેટ ચારરસ્તા સુધી બન્ને બાજુ (૨) સહારા દરવાજા થી સ્વર્ણિમ સર્કલ સુધી બન્ને બાજુ (૩) ઉનાપાણી રોડ, સુફીબાગ, રેશમભવન રોડ, એસ.ટી. ડેપો તેમજ ગુડસ યાર્ડ ઓફિસવાળો રોડ (૪) નેહરૂ બ્રીજ કિલ્લાનું મેદાન તથા ચોકબજાર ચારરસ્તા તથા (૫) ચોકબજાર થી હોડીબંગલા સુધી વિસ્તારમાં આરોગ્યલક્ષી અને એન્જીનીયરીંગ વિભાગની સંકલિત ગૃપસફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે કામગીરીની વિગત નીચે મુજબ છે.

૬/૪૮૪ મંછરપુરા ખરાદી શેરી પાસે ચોથા માળ બીલ કોલમના સળીયા દુર કર્યા તથા લીફટ કેબીનની ઉપરનો ભાગ આશરે ૨૫૦ ચો.ફુટ બાંધામ તોડી દુર કરવામાં આવેલ છે.

આરોગ્ય વિભાગ ધ્વારા ૭.૫૦૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૭૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૯,૬૫૦/— વસુલ લેવામાં આવેલ છે તેમજ ૧૦ હોટલ/રેસ્ટોરન્ટ ચેક કરી ૦.૫૦૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરેલ છે. ૪૦ માઈક્રોન થી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીક ૦.૬૦૦ કિ.ગ્રા. જપ્ત કરી રૂા.૪૦૦/— વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૧૧૬૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૩૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોનો સર્વે દરમ્યાન ૧૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૮ ઈસમોને નોટીસ આપવામાં આવી રૂા.૫૫૦૦/— વહીવટી ખર્ચ વસુલ કરેલ છે. રેસીડન્શીયલ યુનિટ—૧૫૯, કોમર્શીયલ યુનિટ—૧૪૬, ન.પ્રા.શાળા—૦૪, બહુમાળી ઈમારતો—૭૦ માં પાણીની ટાંકીઓ ચેક કરી. ગુમાસ્તાધારા વિભાગ ધ્વારા ૧૦૦ સંસ્થાની નોંધણી કરી ૨૦ ઈસમોને નોટીસ આપી રૂા.૩,૪૦૦/— વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.
નેહરૂબ્રીજના નાકે પોલીસ ચોકી ઉતારી, વોચ ટાવર દુર કરી, ફુટપાથ પરના દબાણ દુર કરી, બ્રીજનો ૫૫૦ ચો.મી. જેટલો એપ્રોચ ખુલ્લો કરવામાં આવેલ છે તેમજ પાકો રોડ બનાવવાની કામગીરી કરેલ છે. દિલ્હીગેટ બ્રીજનો રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન(ઉધના) પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન (ઉધના) નાં આરોગ્ય વિભાગ દ્વારા ખટોદરા વોર્ડ વિસ્તારની દિવ્યાનંદ સોસાયટીની સર્વિસગલીમાં ગંદકી બાબતે મળેલ ફરીયાદનાં અનુસંધાનમાં તા.૦૬/૦૨/૨૦૧૫ નાં રોજ સ્થળ તપાસ કરતાં સર્વિસગલીમાં પુષ્કળ ગંદકી જોવા મળેલ.સદર સોસાયટીનાં ઈન્ડસ્ટ્રીયલ યુનિટો દ્વારા પાછળના ભાગે સર્વિસગલીમાં કાપડ,ચીંદી,વેસ્ટ નાંખી ન્યુસન્સ કરતા કુલ–૨૧ ઈસમો પાસેથી સ્થળ પર રૂા.૪૧,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.અને ગંદકી ન કરવા ચેતવણી આપવામાં આવેલ છે.તેમજ સદર સોસાયટીના કુલ–૧૮ ઈન્ડસ્ટ્રીયલ યુનિટોમાં કામ કરતા તેમના કારીગરો માટે યુનિટમાં ટોયલેટ બ્લોકની સુવિધા ઉપલબ્ધ ન હોવા બાબતે નોટીસો આપવામાં આવેલ છે.અને સદર સ્થળે આરોગ્ય વિભાગની ૨ (બે) ટીમો તેમજ ૨ (બે) ટ્રેકટર મુકી સફાઈ કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના આંજણા ઈન્ડ.વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા)ફા.પ્લોટ નં. ૧૦૮,૧૧૩ ખાતે બનેલ " જયનારાયણ ઈન્ડ.એસ્ટેટ " ખાતે સબ પ્લોટ નં. ૨૫૪ થી ૨૫૮ માં મિલ્કતદારશ્રી શશીકાંત લેસવાલા તથા અન્યો દ્વારા આશરે ૩૨'–૦" × ૫૫'–૦" ના માપવિસ્તારના ચાર ગાળામાં બીજામાળે આર.સી.સી.બીમ,કોલમ ભરી સ્લેબ સહિતનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ.સદર કામ દરમ્યાન મિલ્કતદારે સુરત મહાનગરપાલિકાના સબંધિત સ્ટાફ દ્વારા અવારનવાર ચેતવણી આપી બાંધકામ અટકાવવામાં આવેલ.પરંતુ મિલ્કતદાર દ્વારા જાહેર તહેવાર તથા શનિવાર, રવિવારની રજાનો ફાયદો ઉઠાવી ધરાર સ્લેબ ભરી દેવામાં આવેલ. જેની સામે લિંબાયત ઝોન કચેરી દ્વારા કડક વલણ અપનાવી ઝોન કચેરીના શહેર વિકાસ / દબાણ વિભાગના ચાર આસી.ઈજનેર,એક ડેપ્યુટી ઈજનેર,૧૦ થી વધુ બેલદારો અને ખાનગી એજન્સીના આશરે ૨૦ થી વધુ માણસોની ટીમ બનાવી ૦૩(ત્રણ) નંગ જે.સી.બી. બ્રેકર મશીનથી ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી આ લખાય છે ત્યાં સુધી ચાલુ રાખવામાં આવેલ છે.

TOP

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

## પૂર્વ(વરાછા)ઝોનમાં પુણા વિસ્તારમાં ડીમોલીશન અંગેની કામગીરી.

ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૮(પુણા–સીમાડા)ના બ્લોક નં. ૩૦૪ તથા ૩૦૬, ફા.પ્લોટ નં. ૧૦૫/બી/૨ તથા ૧૦૭ માં આવેલ યોગીનગર સોસાયટી વિ–'બી' ના ગાળા નં. ૪ તથા ૫ માં ત્રીજા માળનું ગેરકાયદેસર બાંધકામ સુરત મહાનગરપાલિકાની પરવાગી વગરનું આશરે ૯૧૮.૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું આર.સી.સી. કોલમ તથા ચણતર કામ તોડી પાડવામાં આવેલ. બ્લોક નં. ૨૪૨, ફા.પ્લોટ નં. ૪૨/એ માં આવેલ રાધા મંદિર સોસાયટીના ગાળા નં. ૧૨૮/બી નું અન્યને ફાળવેલ ફાયનલ પ્લોટમાં ગ્રાઉન્ડ ફલોર પર આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ તથા ચણતરકામ આશરે ૩૬૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તાર ગેરકાયદેસરનું બાંધકામ તોડી પાડવામાં આવેલ છે.

ઉકત કામગીરી કાર્યપાલક ઈજેનરશ્રી, પૂર્વઝોનના માર્ગદર્શન અને રાહબરી હેઠળ પૂર્વઝોનના ઈજનેરી સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવેલ છે.

TOP

## અખબારી યાદી લિંબાયત વિસ્તારમાં કારખાનાની ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા દંડકીય પગલા

**સુરતઃ–** "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત માન.કમિશ્નર સાહેબશ્રીની સુચના મુજબ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલો માંથી નીકળતો ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ, કાગળ, પ્લાસ્ટીક, પુંઠા, ઈન્ડસ્ટ્રીયલ હેઝાડર્સ અને નોન હેઝાડર્સ કચરાનો નિકાલ તેમના દ્વારા ખાનગી વાહનો રોકી સુરત મહાનગરપાલિકાના ખજોદ ડીસ્પોઝલ સાઈડ ઉપર મોકલવવા આવે છે કે કેમ ? તે બાબતની સધન ઝુંબેશ આજ તા.૧૭/૦૩/૨૦૧૫ હાથ ધરવામાં આવી હતી.

લિંબાયત ઝોનનાં ઝોનલ ચીફ અને એડી.સીટી ઈજનેર (સીવીલ) શ્રી જે.કે.શાહની સુચનાથી નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.પી.એચ.ઉમરીગરના સીધા માર્ગદર્શન હેઠળ મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક તથા મદદનીશ આરોગ્ય નિરીક્ષકની બનેલી **૦૪ (ચાર)** ટીમો દ્વારા લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલો પૈકી પરવત વોર્ડ વિસ્તારમાં આવેલ ભવાની ઈન્ડસ્ટ્રીઝમાં આરોગ્યલક્ષી કામગીરી તથા કારખાના ધારકોએ તેમનો નીકળતો કચરો એકત્રિત કરવા માટે ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે કેમ ? તથા ઈન્ડસ્ટ્રીઝના વહીવટદાર/સંચાલક/ પ્રમુખ દ્વારા તમામ કારખાના ધારકોનો કચરો એકત્રિત કરી તેઓના ખાનગી ટ્રેકટર, ટેમ્પો દ્વારા ખજોદ ડીસ્પોઝલ સાઈડ પર નિકાલ કરવામાં આવે છે કે કે? તે બાબતે ધનિષ્ઠ ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ઉપરોકત બાબતે ક્ષતિઓ અને ઈન્ડસ્ટ્રીયલમાં આવેલ રસ્તાઓની સફાઈ કામગીરી સંતોષકારક ન હોવાથી ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ કારખાના ધારકો પાસે પેનલ્ટી વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરી કુલ **પ૩** કારખાના માલિકોને નોટીસ / ચેતવણી આપી **કુલ–પ૩ ઈસમો** પાસે **રૂા.૧,૨૬,૮૦૦/–** નો વહીવટીચાર્જ સ્થળ પર જ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે **સુમિતભાઈ વલ્લભભાઈ વઘાસીયા ને રૂા.૧૦,૦૦૦/– તથા સુજીતભાઈ અર્જુનભાઈ ઝા (પ્રિતી ફેશન) ને રૂા.૧૦,૦૦૦/–** ની વહીવટી ખર્ચ વસુલાતની કામગીરી કરેલ છે.

જેથી સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના વહીવટકર્તા/ સંચાલક/પ્રમુખ/સેક્રેટરી ને જણાવવામાં આવે છે. કે તેમની ઈન્ડસ્ટીઝનો નીકળતો ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ, હેઝાડર્સ અને નોન હેઝાડર્સ કચરો, કાગળ, પ્લાસ્ટીક, પુંઠા વિગેરે દરેક કારખાના ધારકો પાસેથી એકત્રિત કરી ખાનગી વાહનો રોકી સુરત મહાનગરપાલિકાના ખજોદ ડીસ્પોઝલ પ્લાન્ટ ખાતે નિકાલ કરવા માટેની વ્યવસ્થા કરવી નહીં તો તમારી સામે પણ ઉપરોકત કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

TOP

## અખબારી યાદી લિંબાયત ઝોન

સુરતઃ– હાલની સ્વાઈન ફલુના રોગચાળાની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ રોગ અટકાયતના પગલાના ભાગ રૂપે આજ **તા.૧૮/૦૩/૨૦૧૫ ના રોજ માન.કમિશનરશ્રીની મળેલ સુચના મુજબ લિંબાયત ઝોનમાં આવેલ ઉધનાયાર્ડ વોર્ડ વિસ્તારમાં આરોગ્ય –ઈજનેર વિભાગની કુલ–૧૫ સુયંકત ટીમો બનાવી ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષ શ્રી ડો.રવિન્દ્ર પાટીલ** હાજર રહયા હતા.

**આ કામગીરી એડી.સીટી ઈજનેર (સીવીલ) શ્રી જે.કે.શાહના સીધા માર્ગદર્શન હેઠળ, કાર્યપાલક ઈજનેરશ્રી રાજેશ. સી. જરીવાલા, આસી.કમિશનરશ્રી ગાયત્રી આર.જરીવાલાની આગેવાની હેઠળ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી, આસી. જંતુનાશક અધિકારી, ડે.ઈજનેર, મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જુ./આસી.ઈજનેર, તેમજ સુપરવાઈઝર સ્ટાફ, સફાઈ કામદાર/ બેલદાર દ્વારા કરવામાં આવેલ હતી.**

**આ ઝુંબેશ દરમ્યાન ઉપરોકત વોર્ડના નીચે જણાવેલ વિસ્તારો જેવાં કે,(૧) નિલગીરી સર્કલથી હરીઓમ ચોક સુધી (બન્ને સાઈડ),(૨) ગોડાદરા હેલ્થ સેન્ટરથી પંપીગ સ્ટેશન સુધીનો રોડ. (બન્ને સાઈડ) (૩) શ્રીનાથ સોસા.વિ.–૪ તેમજ મયુર સોસાયટીનો આંતરીક વિસ્તાર, (૪) શ્રીનાથ સોસા.વિ.–૨ તથા રંગીલાનગર શાક માર્કેટ સામેનું ખુલ્લું મેદાન, (૫) વૃંદાવનનગર રોડ તેમજ રોડની બન્ને બાજુ, (૬) રંગીલાનગર શાકમાર્કેટ સામેથી રામેશ્વરનગર મેઈન રોડ તેમજ ખુલ્લુ મેદાન, (૭) લક્ષ્મણનગર ફાટકથી રણછોડનગર ફાટક સુધી રેલ્વે બોર્ડર, (૮) યાદવ કોર્પોરેશન રોડ તથા કૃષ્ણકુંજ સોસાયટીનો અંદરનો તમામ વિસ્તારોમાં** આજરોજ સ્વાઈન ફલુ અંગેની જાણકારી આપતા બેનરો, પ્રચારવાન તથા રીક્ષા રોકી લાઉડ સ્પીકર દ્વારા પ્રચાર કરવામાં આવ્યો હતો તથા સોસાયટીના પ્રમુખ સેક્રેટરી તથા સ્લમ તથા હળપતિવાસના કાર્યકતાઓને, ત્યાંના તમામ રહીશોને સ્વાઈન ફલુ અંગેની જાણકારી આપી શરદી, ખાંસી, તાવ, ગળામાં દુખાવો જણાય તો નજીકનાં આરોગ્ય કેન્દ્ર, સીવીલ હોસ્પીટલ, સ્મીમેર હોસ્પીટલનો સંપર્ક કરવા જણાવવા તેમજ માસ્ક આપવા સુચના આપવામાં આવેલ છે.

જેમાં ઉપરોકત વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ,) તેમજ **૧૧.૧૫૦ મેટ્રિક ટન** કચરો અને કચરા મિશ્રિત માટીનો નિકાલ કરાવવામાં આવ્યો હતો. સ્ટ્રોમ વોટર ડ્રેઈનના **૧૯** ઈનલેટ ચેમ્બરની ડીસીલ્ટીંગ કામગીરી તથા **૦૯** ઈનલેટ ચેમ્બર રીપેર કરવામાં આવી હતી. તથા **૧૨૦૦** રનીંગ મીટર વોટર ટેબલ રીપેરીંગની કામગીરી કરવામાં આવી હતી. દબાણ વિભાગ તરફથી **૦૬ હાથલારી** જપ્ત કરવામાં આવી હતી. ફુડ અને આરોગ્ય વિભાગ દ્વારા **કુલ ૧૫૩** ખાણીપીણીનો વેપાર કરતી સંસ્થા/ લારી ગલ્લા સંખ્યા ચેક કરી, **૨૪** નોટીસ આપી,**૧૯.૫૦૦** કિલોગ્રામ અખાધ પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. દરમ્યાન જાહેરમાં ન્યુસન્સ કરતી સંસ્થા / ઈસમોને **૯૨** પાસે **રૂા.૨૬,૮૦૦/–** વહીવટીચાર્જ વસુલ કરવામાં આવેલ છે. તેમજ વિસ્તારના મુખ્યમાર્ગો, સ્લમ વિસ્તારો તથા સોસાયટીમાં ઘનિષ્ઠ સાફ– સફાઈ ઝુંબેશ હાથ ઘરી કચરો/કચરા મિશ્રીત માટીના ઢગલા ઉપાડી કુલ–**૪૦.૧૫૦ મે.ટન.** કચરાનો નિકાલ કરાવ્યા બાદ મોટા જથ્થામાં **૭૫૦ કિ.ગ્રા.** ચુનાની ફાંક, **૨૫૦ કિ.ગ્રા.** મેલેથીયોન, **૦૧ લીટર** ડી.ડી.વી.પી., તથા **૦૨ કિ.ગ્રા.** બેગોન બેટસ, જંતુનાશક દવા/પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ છે. ગુમાસ્તા ધારા વિભાગ દ્વારા **કુલ–૨૭** સંસ્થાની નોંધણી કરી, **રૂા.૪૫,૦૦૦/–** નો પ્રોફેશનલ ટેક્ષ વસુલ કરવામાં આવ્યો હતો.

આ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ગાડીઓમાં કચરો આપવા માટે તથા મચ્છર ઉત્પતિ સ્થાન અને મચ્છરથી થતા મેલેરીયા, ડેન્ગયુ જેવા રોગો અટકાવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણનું જન–જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ઉપરોકત સ્થળના– **૧૩૫૨** ઘરોમાં સર્વે કરી મળેલ **૦૯ બ્રિડીંગોનો નાશ** કરેલ તેમજ **૧૦ નોટીસ** આપી તથા **૨૭ નકામા કન્ટેનરોનો** નિકાલ કરાવી **કુલ ૩૩ ઈસમો પાસે રૂા.૬૮૦૦/–** નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

આમ આ અભિયાન દરમ્યાન **આરોગ્યલક્ષી– ૩૪ નોટીસ આપી, કુલ ૧૨૫ ઈસમો પાસે રૂા.૩૩,૬૦૦–** નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો હતો.

TOP

## પ્રેસનોટ સાઉથઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા

